ગેસ સિલિન્ડરમાં ફરી ૧૧.૪૨નો વધારો

નવી દિલ્હી, તા. ૬

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય અને મધ્યમ વર્ગને વધુ મુશ્કેલી પડે તેવા એક ઘટનાક્રમમાં રાંધણ ગેસ (એલપીજી)ની કિંમતમાં આજે સિલિન્ડર દીઠ રૂપિયા ૧૧.૪૨ રૂપિયાનો કમરતોડ વધારો કરવામાં આવ્યો હતો. સરકારે ડીલરોની માંગમી સમક્ષ ઝુંકીને તેમને ચૂંકવવામાં આવતા કમીશનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. લોકો માટે આગામી દિવસો વધારે મુશ્કેલીરૂપ રહી શકે છે. કારણ કે એલપીજીની કિંમતમાં વધારો ઉપરાંત હવે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં પણ વધારો ઝીંકવામાં આવે તેવી શક્યતા છે. કારણ કે પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા બન્નેમાં ક્રમશ ડીલર કમીશનમાં ઓછામાં ઓછા ૨૩ પૈસાનો વધારો કરવા સક્રિય વિચારણા કરવામાં આવી રહી છે. મંત્રાલય દ્વારા ગઈકાલે એલપીજી ડિલરોને ચુકવાતા કમીશનને ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરમાં હાલના ૨૫.૮૩ રૂપિયાથી વધારીને ૩૭.૨૫ કરી દેવાના આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. સરકારી અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે સબસિડીવાળા રાધણ ગેસ પર કમીશનમાં રૂપિયા ૧૧.૪૨નો અથવા તો ૪૪ ટકાનો ઉલ્લેખનીય વધારો કરવામાં આવ્યો છે. ગ્રાહકો માટે સબસિડીવાળા એલપીજીની કિંમત દિલ્હીમાં હવે ૩૯૯ રૂપિયાના બદલે પ્રતિ સિલિન્ડર ૪૧૦.૪૨ રૂપિયા થઇ જશે. સરકારે થોડાક દિવસ પહેલા સબસિડીવાળા એલપીજી સિલિન્ડર એક પરિવારને મર્યાદિત કરવાનો નિર્ણય કર્યો હતો. આના કારણે દેશભરમાં ભારે હોબાળો મચી ગયો હતો. આખરે સરકારને અનેક રાહત આપવાની જાહેરાત કરી હતી. લોકોની નારાજગીને દુર કરવા માટે કોંગ્રેસ શાષિત રાજ્યોએ એક પરિવારને એલપીજી સિલિન્ડરોની સંખ્યા વધારીને છના બદલે નવ કરી હતી. છના બદલે અન્ય ગેસ સિલિન્ડર બજારના ભાવે લેવા પડસે તેવી જાહેરાત કરવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યું છે કે કમીશનની ચુકવણી માર્કેટ કિંમતના આધાર પર અથવા તો જુદી રીતે ચૂકવવામાં આવે છે. નોન સબસિડીવાળા એલપીજી

પર પણ કમીશનમાંવધારો કરવામાં આવ્યો છે. આ કમીશનમાં ૧૨.૧૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જેથી કમીશન પ્રતિ સિલિન્ડર ૩૮ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. મળેલી માહિતી મુજબ પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર પેટ્રોલ પંપ ડીલરોને ચુકવાતા કમીશનમાં પણ વધારો કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. મંત્રાલય દ્વારા પેટ્રોલ પર ચુકવાતા કમીશનમાં ૨૩ પૈસાનો વધારો કરીને ૧.૭૨ રૂપિયા કરવામાં આવે તેવી શક્યતા છે. ડીઝલ પર કમીશનમાં ૧૦ પૈસાનો વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. કારોબારી મુડી ખર્ચમાં સતત થઇ રહેલા વધારાને ધ્યાનમાં લઈને પેટ્રોલ પંપ ડીલરો દ્વારા છેલ્લા ઘણા સમયથી કમીશનમાં વધારો કરવાની માંગણી કરી રહ્યા છે. પેટ્રોલ પંપ ડીલરો દ્વારા પેટ્રોલમાં ૬૭ પૈસા અને ડીઝલમાં ૪૨ પૈસાના વધુ કમીશનની માંગણી કરવામાં આવી રહી છે. સરકારે પાંચ કિલોના સિલિન્ડર પર ચુકવાતા કમીશનમાં પણ વધારો કર્યો છે. પેટ્રોલ પંપ ડીલરોને પેટ્રોલના વેચાણ પર લીટરદીઠ ૧.૪૯ રૂપિયાનો કમીશન મળે છે. જ્યારે ડીઝલ પર રૂપિયા ૦.૯૧નો કમીશન મળે છે. પંપ ઓપરેટરોએ માંગણી કરી હતી કે આને પેટ્રોલ પર વધારીને રૂપિયા ૨.૧૦ કરી દેવામાં આવે અને ડીઝલ પર આને વધારીને રૂપિયા ૧.૩૩ કરી દેવામાં આવે. તેમની માંગણી પર વિચારણા ચાલી રહી હતી. વધતા જતા ઓપરેટિંગ ખર્ચનો મામલો રજૂ કરવામાં આવ્યો હતો. એલપીજી સંસ્થાઓ મોટા ભાગે કાર્યરત રહે છે. એલપીજી એજન્સીઓ માત્ર રાષ્ટ્રીય રજાના દિવસે જ બંધ રહે છે. સાથે સાથે સમાહમાં એક દિવસ બંધ રહે છે. ઉપરાંત પેટ્રોલ પંપ ટોઈલેટ, પાણી અને એર પ્રેશરની સુવિધાઓ મફત આપે છે. જ્યારે એલપીજી ડિલરો આવી સુવિધાઓ પુરી પાડતી નથી. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા પેટ્રોલિયમ ટ્રેડર્સના જનરલ સેક્રેટરી અજય બંસલે આ મુજબની માહિતી આપી છે. એલપીજીના રેટ વારંવાર વધતા નથી. પરંતુ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વારંવાર ફેરફાર કરવામાં આવે છે. અધિકારીઓએ કહ્યું છે કે નોન સબસિડીવાળા એલપીજીની કિંમતમાં ઈલ કંપનીઓએ હાલમાં વધારો કર્યા બાદ એલપીજીના રેટમાં વધારો કરાયો છે. બિન સબસિડીવાળા એલપીજીની કિંમતમાં પ્રતિ સિલિન્ડર ૧૨૭ રૂપિયાનો હાલમાં વધારો કરવામાં આવ્યો હતો. સરકારે સામાન્ય લોકો પર બોજ ઓછો કરવાના હેતુથી સ્થાનિક વપરાશ માટે બિન સબસિડીવાળા એલપીજી પર કસ્ટમ અને એક્સાઈઝ ડ્યુટીમાંથી મુક્તિ આપી હતી. દિલ્હીમાં વાણિજ્ય એલપીજીની કિંમત સિલિન્ડરદીઠ હવે ૧૦૬૨ રૂપિયા થઈ જશે જ્યારે ૧૯ કિલોગ્રામના સિલિન્ડરની કિંમત ૧૫૩૬.૫ થઈ જશે.

ચાંદીમાં ૨૦૦ તેમજ સોનામાં રૂપિયા ૫૦નો કડાકો નોંધાયો

દિલ્હી, તા. ૬

અમદાવાદ સોના-ચાંદી બજારમાં સમાહ દરમિયાન ફલેટ કારોબાર શનિવારે સમાહનાં અંતમાં નેગેટીવ કારોબાર જોવા મળ્યો હતો. શનિવારનાં કારોબારનાં અંતે સતત ઘટી રહેલ ૧૦ ગ્રામ સોનાનાં ભાવમાં વધુ રૂપિયા ૨૫નો ઘટાડો નોંધાયો હતો. આ સાથે સમાહના અંતે સોનાના ભાવ રૂપિયા ૩૧૩૦૦થી ૩૧૪૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે શુક્રવારે રૂપિયા ૩૧૩૨૫ થી

૩૧૪૨૫ની સપાટી ઉપર સ્થિર હતા. સોનાના ભાવમાં સમાહની શરૂઆત રૂપિયા ૩૧૬૫૦થી થઈ હતી. જેમાં સમાહ દરમિયાન રૂપિયા ૨૫૦નો ઘટાડો નોંધાયો છે. જ્યારે સતત ત્રણ દિવસ દરમિયાન ફલેટ કારોબાર કરનાર ચાંદીના ભાવમાં પણ શનિવારે ઘટાડો નોંધાયો હતો.

શનિવારના કારોબારનાં અંતે પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવમાં રૂપિયા ૨૦૦નો ઘટાડો નોંધાયો હતો. જેના કારણે સમાહનાં અંતે ચાંદીના ભાવ રૂપિયા ૫૯૭૦૦ થી ૫૯૮૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે છેલ્લા ત્રણ દિવસથી રૂપિયા ૫૯૫૦૦ થી ૬૦૦૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. જ્યારે ચાંદીના પગલે અમદાવાદ માર્કેટ પ્રતિકિલોગ્રામ રૂપાના ભાવમાં પણ રૂપિયા ૨૦૦નો કડાકો નોંધાયો હતો. જેના કારણે સમાહનાં અંતે રૂપાના ભાવ રૂપિયા ૫૯૧૦૦થી ૫૯૬૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે છેલ્લા ત્રણ દિવસથી રૂપિયા ૫૯૩૦૦થી ૫૯૮૦૦ની સપાટી ઉપર સ્થિર હતી. આમ, વર્તમાન સમાહ દરમિયાન અમદાવાદ માર્કેટમાં ઘટાડાનો માહોલ જોવા મળતા લોકોમાં રાહતની લાગણી પ્રસરી છે. દરમિયાન દેશના અન્ય બુલિયન બજારોમાં પણ હાલ ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. જેથી રોકાણકારો દિશાહીન થઈ ગયા છે.

અણ્ણાના એક વખતના સાથી કેજરીવાલ લડાયક

વાટેરા ઉપર આક્ષેપ મામલે બદનક્ષીના કેસ માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૬

ઈન્ડિયા અગેન્સ્ટ કરપ્શનના નેતા અરવિન્દ કેજરીવાલ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ પર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા બાદ પણ દબાણની સ્થિતીમાં આક્રમક મુડમાં દેખાઈ રહ્યા છે. કેજરીવાલે આજે કહ્યું હતું કે રોબર્ટ વાઢેરા પર મુકવામાં આવેલા આક્ષેપો જો ખોટા હશે તો તેઓ બદનક્ષીના કેસનો સામનો કરવા માટે તૈયાર છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે જો વાઢેરા સામે ભ્રષ્ટાચારના આક્ષેપો ખોટા સાબિત થસે તો તેઓકેસનો સામનો કરવા માટે પણ તૈયાર છે. આ સમગ્ર કેસ મામલે કોંગ્રેસ મૌન કેમ છે તેવો વૈધક પ્રશ્ન કેજરીવાલે કર્યો હતો. વાજબી કિંમતે પાણી ને વીજળી લોકોને મળે તે માટે દિલ્હીમાં બિજલી પાની સત્યાગ્રહ નામથી આંદોલન શરૂ કરનાર કેજરીવાલે લોકોને વીજળી અને પાણીનુ બિલ ન ભરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી દિલ્હી સરકાર ટેરિફમાં

વધારાને પરત ન ખેંચે ત્યાં સુધી બિલની ચુકવણી કરવી જોઈએ નહી. કેજરીવાલ હવે દિલ્હી સરકાર માટે વધુ સમસ્યા ઉભી કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે તેઓ લોકોમાં જાગૃતિ જગાવવા માટે અહીં આવ્યા છે. ભ્રષ્ટાચાર સામે જંગની શરૂઆત સંગઠિત થઈને કરી શકાય છે. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે દેશમાં હવે કોઈ વિરોધ પક્ષ નથી.

લોકો જ વિરોધ પક્ષ છે. કેજરીવાલે કહ્યું હતું કે તેઓએ રાજકીય પાર્ટીની રચના પણ ચોક્કસ હેતુ માટે કરી છે. અત્રે ઉલ્લેખનીય ચે કે કેજરીવાલે મંગળવારે તેમની રાજકીય પાર્ટીની રચનાની જાહેરાત કરી હતી. કેજરીવાલે ગઈકાલે કહ્યું હતું કે વાઢેરાએ છેલ્લા ત્રણ વર્ષમાં જંગી કમાણી કરી છે. કેજરીવાલે દાવો કર્યો હતો કે વાઢેરાએ માર્કેટના હાલમાં ચાલી રહેલા રેટની સરખામણીમાં ખુબ ઓછા ભાવે ગુરગાવ અને તેની આસપાસના વિસ્તારોમાં જમીનની ખરીદી કરી છે. આ જમીનની ખરીદી કરવામાં આવ્યા બાદ ખુબ ઉંચી કિંમતે આ જમીનો વેચી દેવામાં આવી હતી. કેજરીવાલ અગાઉ અણ્ણાના નજીકના સાથી હતા. જો કે કેટલાક મુદ્દાને લઈને મતભેદો સપાટી પર આવ્યા બાદ આ બન્ને અલગ પડ્યા હતા. અણ્ણાએ જ્યારે ગયા વર્ષે ઓગષ્ટમાં ક્રાતિ કરી હતી ત્યારે કેજરીવાલ અને કિરણ બેદી તેમની સાથે હતા. હાલમાં રાજકીય પાર્ટીની રચનાના મામલે તેમની વચ્ચે મતભેદો સપાટી પર આવ્યા હતા. ભારે વિવાદ થયા બાદ આખરે અણ્ણાએ તેમની ટીમ અણ્ણાને વિખેરી નાંખવાની જાહેરાત કરી હતી. હાલમાં કેજરીવાલે તેમની પોતાની રાજકીય પાર્ટીની રચના કરી હતી. કેજરીવાલ લોકોમાં જુદા જુદા પ્રશ્નોુ ઉઠાવી રહ્યા છે. અણ્ણાના આજના નિવદેન બાદ કેજરીવાલે કહ્યું હતું કે રોબર્ટ વાઢેરા સામેના આક્ષેપો ખોટા હશે તો તેઓ બદનક્ષીની કાર્યવાહી માટે તૈયાર છે.

સમાચાર ઝલક

- દેશમાં હાઇકોર્ટમાં ૪૩.૨૨ લાખ કેસો પેન્ડીંગ છે.
- પેઇન ન્યૂઝ પર ચૂંટણીપંચની બાજ નજર.
- નવરાત્રીમાં ચૂંટણીપ્રચાર પર ખાસ નજર રખાશે.
- વાય.એસ.આર. કોંગ્રેસના પ્રમુખશ્રી જગમોહન રેડ્ડીની ૫૧ કરોડની સંપત્તિ જપ્ત થઇ.
- રોબર્ટ વાઢેરાની સંપત્તિ ત્રણ વર્ષમાં વધારો થવાના આક્ષેપથી રાજકીય ગરમી.
- કોલસા કૌભાંડમાં વધુ પાંચ કેસ દાખલ થશે.
- સુરેન્દ્રનગરમાં બસ સળગાવવા રૂા.૨૦નો લોકફાળો ઉઘરાવેલો, પાનગઢનો પડઘો.
- બાબા રામદેવના ગુરૂના લાપત્તા થવાના કેસમાં તપાસના નવેસરથી આદેશ.
- રૂા. ૧૦ની નોટનું સ્થાન સિક્કો મેળવી લેશો.
- તાજમહેલથી ચાર ગણા મોટા 'તાજ અરેબિયા'નું દુબઇમાં નિર્માણ થશે.
- ખાદ્યતેલની નિકાસની છૂટ મહિનો વહેલી કરી, રાતોરાત ભાવમાં ભડકો, રૂા. ૯૦નો ઉછાળો.
- એસ.ટી.મુસાફરો ઉપર વધુ એક બોજો, ટોલનાકાના દર વધારતાં રૂા. ૧નો વધારો થયો.
- મૃતકો આવકવેરો ભરે છે, આર.ટી.આઇ. હેઠળ ફૂટેલો ભાંડો.
- દેશમાં બાળકો સામેના અપરાધમાં ૨૪ ટકાનો વધારો.
- કરીના કપૂરને ગળાનું ઇન્ફેકશન થતાં લગ્નની તૈયારીઓમાં રૂકાવટ.
- વર્ગ-૩ અને ૪ ના કેન્દ્રીય કર્મચારીઓને રૂા. ૩૫૦૦ બોનસની જાહેરાત.
- મુંબઇમાં ગણેશ ભક્તોએ લાલબાગચા રાજાને સોનાનો ફુટબોલ ભેટ ધર્યો.
- દેશમાં ૪ નવી બેંકોને શરૂ થશે, રીઝર્વ બેંક ટૂંક સમયમાં મંજૂરી આપશે.

રીટેલ ક્ષેત્રમાં એફડીઆઇથી દેશમાં બેરોજગારી વધી જશે

પટના, તા. ૬

ભાજપના સિનીયર નેતા ઉમા ભારતીએ આજે કહ્યું હતું કે, મલ્ટીબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈથી કરોડો લોકો બેરોજગાર બનશે. વડાપ્રધાને આપેલા આશ્વાસનને ફગાવી દેતાં ઉમા ભારતીએ કહ્યું હતું કે, સાત કરોડ લોકો જેમાં મોટાભાગે વેપારીઓ તાકીદે બેરોજગાર બનશે. જ્યારે દેશમાં વિદેશી રીટેલરો એક વખત દુકાન અને સ્ટોર સ્થાપી દેશે ત્યાર બાદ ૨૦ કરોડ રીટેલ બિઝનેસમાં બેરોજગાર બનશે. દેશની સૌથી પવિત્ર નદી ગંગાને સ્વચ્છ કરવાના અભિયાન ગંગા સમગ્ર યાત્રા પર નીકળેલ ઉમાભારતીએ કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર અને મતબેંકની રાજનીતિ દેશ સમક્ષ જોખમ બનીને ઊભું થયું છે. દરેક ધર્મનું સન્માન કરે તે વ્યક્તિ જ બિનસાંપ્રદાયિક હોવાનું ગણાવતા ઉમાભારતીએ કહ્યું હતું કે, હિંદુત્વના ઉદામતવાદી વિચારોથી દેશ મજબૂત બન્યું છે. ગંગા નદીને સ્વચ્છ કરવાથી લોકોમાં જાગૃતિ ફેલાવવા હેતુ ઉમાભારતી એ કહ્યું હતું કે, પવિત્ર નદીમાં ગંદકી કરનાર વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા કાયદો મજબૂત બનાવવો જોઈએ. નેશનલ ગંગા રીવર વેસીન ઓથોરીટી નદીને સ્વચ્છ રાખવાની ફરજમાં નિષ્ફળ ગયું છે. કેન્દ્ર સરકારે ગંગોત્રી, મંદાકિની અને અલકનંદાની ૩૦ કિલોમીટરની ત્રિજ્યામાં ડેમ બાંધવો ન જોઈએ જેથી નદીનો પ્રારંભિક પ્રવાહ અવરોધાશે નહીં.

લાલુના શાસનમાં બિહાર ખંડેર બન્યુઃ નીતિશ કુમાર

પૂર્ણીયા, તા. ૬

બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો અપાવવાની માંગ બુલંદ કરવા અધિકાર યાત્રા પર નીકળેલ મુખ્યમંત્રી નીતિશકુમારે કહ્યું હતું કે, લાલુપ્રસાદ યાદવના રાજમાં રાજ્ય ખંડેર બની ગયું હતું. પૂર્ણીયામાં જાહેરસભાને સંબોધન કરતા નીતિશકુમો લાલુપ્રસાદ યાદવ અને તેમની પત્ની રાબડીદેવીની સરકારી આકરી ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે, પતિ-પત્નીની સરકારે બિહારને ખંડેર જ બનાવી દીધું હતું. લાલુપ્રસાદ યાદવ હાલ જે માર્ગ પર પરિવર્તન યાત્રા પર નીકળ્યા છે તે રોડ-રસ્તા અમે જ બનાવ્યા છીએ. ગત દિવસોમાં પોતાની સભાઓમાં થયેલી હિંસા અને તોડફોડની આકરી ટીકા કરતાં નીતિશકુમારે કહ્યું હતું કે, લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી. જાહેરસભાને સંબોધન કરતાં નીતિશે કહ્યું હતું કે, લોકતાંત્રિક રીતે શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાનો તમામને અધિકાર છે. લોકશાહીમાં શાંતિની ટીકાનો અધિકાર સૌને છે. અભિવ્યક્તિની આઝાદી અમારા નાગરિકોને બંધારણમાં જ અપાયેલ છે. જોકે આ ટીકા અપશબ્દનું રૂપ લે તો તે દુઃખદ સ્થિતિ છે. બિહારમાં સુશાસન પર પ્રશ્ન ઉઠાવનાર ભાજપના સાંસદ ઉદયસિંહની ગર્જના રેલીની પણ નીતિશે ટીકા કરી હતી. વેદના રેલી પર નિશાનો સાધતા નીતિશે કહ્યું હતું કે, મારી ટીકા કરવાની આજકાલ ફેશન થઈ ગઈ છે.

છેલ્લા સમાહમાં ૧૭૬ પોઈન્ટનો સુધારો થયો

મુંબઈ, તા.૬

શેરબજારમાં સમાહ દરમિયાન સેન્સેક્સમાં ૧૭૬ પોઈન્ટનો ઉછાળો નોંધાયો છે. તાજેતરના સમયમાં શેરબજારમાં રેન્જ આધારિત કારોબાર જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. શેરબજાર સામાહિક કારોબારમાં સુધારા સાથે બંધ રહેવા માટે ઘણા કારણો જવાબદાર રહ્યા છે. એકબાજુ યુપીએ સરકાર દ્વારા ગયા મહિના બાદથી શ્રેણીબદ્ધ નાણાંકીય અને આર્થિક સુધારાઓની જાહેરાત કરવામાં આવી છે.

ઉપરાંત વૈશ્વિક નાણાંકીય સ્ટીમ્યુલસ પગલાંથી લિક્વિડીટીની સ્થિતિ મજબૂત બની છે. સેન્સેક્સ પાંચમી ઓક્ટોબરના દિવસે પૂરા થયેલા સમાહ દરમિયાન ૧૭૬ પોઈન્ટ અથવા તો ૦.૯૪ ટકા સુધરીને ૧૮૯૩૮ની સપાટીએ રહ્યો છે. જ્યારે નિફ્ટી આ સમાહના અંતે ૦.૭૭ ટકા અથવા તો ૪૪ પોઈન્ટ સુધરીને ૫૭૪૭ની સપાટીએ રહ્યો છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૧.૦૮ ટકા અને બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સ ૧.૮૨ ટકા ઉછળીને બંધ રહ્યો છે. બંને ઈન્ડેક્સની સ્થિતિ સુધારાજનક રહી છે. છેલ્લા ચાર કારોબારી સેશનમાં ૪૮૦ પોઈન્ટનો સુધારો થયા બાદ શુક્રવારના દિવસે સેન્સેક્સમાં ૧૯૧૧ પની સપાટી રહી હતી. જો કે સેન્સેક્સ શરૂઆતી કારોબારમાં ૨૦૦ પોઈન્ટ ઘટી ગયો હતો.

નિફ્ટીમાં ફ્લેશ ક્લેશના કારણે ૯૦૦ પોઈન્ટનો કડાકો બોલાયો હતો. બ્રોકર દ્વારા ભૂલ કરવામાં આવતા આ સ્થિતિ સર્જાઈ હતી. જેથી કેસ માર્કેટમાં કારોબાર ૧૫ મિનિટ માટે રોકી દેવામાં આવ્યો હતો.

આજે શ્રીલંકા અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે ફાઈનલ જંગ

કોલંબો, તા.૬

આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલ મેચ આવતીકાલે શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે કોલંબોમાં રમાશે. યજમાન શ્રીલંકા ફાઈનલમાં પહોંચતા સ્થાનિક ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આવતીકાલની મેચની તમામ ટિકિટો વેચાઈ ચૂકી છે. સેમીફાઈનલ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ઓસ્ટ્રેલિયાને કારમી રીતે હાર આપી હોવા છતાં યજમાન શ્રીલંકા આવતીકાલની મેચમાં હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. બીજી સેમીફાઈનલ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે મોટો અપસેટ સર્જીને ઓસ્ટ્રેલિયાને હાર આપી હતી. પ્રથમ બેટીંગ કરતા વિન્ડિઝે નિર્ધારિત ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૦૫ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમ માત્ર ૧૩૧ રન જ બનાવી શકી હતી. આઈસીસી

ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં સૌથી જંગી જુમલો વિન્ડિઝે ખડકીને ઓસ્ટ્રેલિયાની છાવણીમાં દબાણ વધારી દીધું હતું. વિન્ડિઝને જીત અપાવવામાં ફરી એકવાર ક્રિસ ગેઈલની ભૂમિકા મહત્વપૂર્ણ રહી હતી. ગેઈલે તોફાની ૭૫ રન ફટકાર્યા હતા. હાલમાં વિન્ડિઝ તરફથી ગેઈલ ઉપરાંત પોલાડ, રામપોલ પણ સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે તે જોતા વિન્ડિઝ ઉલટ ફેર કરવામાં સક્ષમ છે. બીજી બાજુ શ્રીલંકાની ટીમ સમગ્ર ટૂર્નામેન્ટમાં ખુબ સારો દેખાવ કરીને ફાઈનલમાં પહોંચી છે જેથી તે પ્રથમ વખત ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપ જીતવા માટે સજ્જ છે. જયવર્ધનાએ પોતે ખૂબ સારા ફોર્મમાં દેખાઈ રહ્યો છે. ટીમમાં સંગાકારા, દિલશાન, મેન્ડિસ, મેથ્યુસ જેવા મેચ વિનર ખેલાડીઓ છે. આ મેચનું પ્રસારણ સ્ટાર ક્રિકેટ પરથી સાંજે ૭ વાગ્યાથી કરવામાં આવશે.

સીઆરઆરમાં કાપ મૂકવાની બેંકરો દ્વારા જોરદાર માંગ થઈ

મુંબઈ, તા.૬

રિઝર્વ બેંકની આગામી નાણાંકીય નીતિ સમીક્ષા આડે વધારે દિવસ રહ્યા નથી ત્યારે હવે બેંકો દ્વારા કેસ રિઝર્વ રેસિયો (સીઆરઆર)માં કાપ મૂકવાની તરફેણ થવા લાગી ગઈ છે. નાણાંકીય નીતિ સમીક્ષામાં રેપોરેટ કાપના બદલે સીઆરઆરમાં કાપ મૂકવાની માંગણી તીવ્ર બની છે. બેંકરોનું કહેવું છે કે ઝડપથી આગળ વધવા માટે તથા વિકાસની દિશામાં તીવ્ર ગતી પકડી લેવા માટે કેટલાક પગલાં જરૂરી બની ગયા છે. આરબીઆઈ દ્વારા હાલમાં જુદા જુદા મત મેળવવામાં આવી રહ્યા છે. મોટાભાગના બેંકરોએ સીઆરઆરમાં કાપ મૂકવાની ઈચ્છા વ્યક્ત કરી છે. રેપોરેટના બદલે સીઆરઆરમાં કાપ મૂકવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે. આરબીઆઈના ગવર્નર સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ એસબીઆઈના ચેરમેન પ્રતીપ ચૌધરીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે છેલ્લી વખતે સીઆરઆરમાં કાપ મૂકવામાં આવ્યો હતો. મોટાભાગની બેંકો હવે ફરીથી સીઆરઆરમાં કાપ મૂકવાની ઈચ્છા રાખે છે. ૩૦મી ઓક્ટોબરના દિવસે આરબીઆઈ તેની મધ્ય સત્ર નાણાંકીય નીતિ સમીક્ષા જાહેર કરનાર છે. વ્યાજદરમાં ઘટાડો થાય તેવી અપેક્ષાઓ ચાલી રહી છે. ચૌધરીનું કહેવું છે કે રેપોરેટમાં કોઈપણ ઘટાડો તેજી લાવી શકે છે. સીઆરઆરમાં ૧.૫ ટકાના ઘટાડાની માંગણી કરવામાં આવી છે.

વન્યસૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

ગાયો વધુ દૂધ આપે તે માટે એને મોટા ભાગે સગર્ભા રખાય છે. તેને અવાર-નવાર હોર્મોન્સના ઇન્જેક્શનનો અપાય છે. હોર્મોન્સના ઇન્જેક્શન આપવાથી ગાયો ૨૦ % જેટલું વધુ દૂધ આપવા લાગે છે. પરંતુ આ દરમિયાન મોટા ભાગની ગાયોના આંચળ વિકૃત થાય છે, અસાધારણ મોટા કદના થઇ જાય છે, તેમાં ચીરા પડે છે, સતત લોહી નીકળ્યા કરે છે અને ચેપ પણ લાગે છે.

ગાયો વધુ દૂધ આપે તે માટે તેને વધુ પ્રોટીન યુક્ત ખોરાક જેવા કે સોયાબીન, માછલીઓ, મરઘાની હગાર વગેરે ખવડાવાય છે જે તેનો ખોરાક ન હોવાથી તેના પાચનતંત્રને હાનિકારક નીવડે છે. આ દરમિયાન જે ગાયો મરી જાત તે માણસોને ખાવા માટે ગૌમાંસ મેળવવા કતલખાને મોકલાય છે. તેમાંથી પાલતું કૂતરાઓ માટે ખોરાક પણ બનાવાય છે.

બંધ જગ્યામાં ડુક્કરોને ઉછેરતી વખતે તેમને ખા ખા કરવાનું, અને ઉભાં જ રહેવાનું, હોય છે. મરઘાંની જેમ મોટી સંખ્યામાં ડુક્કરોને ઓછી જગ્યામાં રાખવામાં આવતાં હોઇ તેઓ અંદરોઅંદર સતત લડ્યા કરે છે. આ દરમિયાન એક ડુક્કર બીજાને પૂંછડી ચાવી ન જાય તે માટે બધાં જ ડુક્કરોની પૂંછડી કાપી નંખાય છે. પૂંછડી કાપતી વખતે પેઇન કીલર દવા અપાતી કે બેભાન કરાતાં થી. ડુક્કરોને માટે ઉકળતાં ગરમ પાણીમાં નાંખવામાં આવે છે.

મરઘીઓ સામાન્ય રીતે ૭ વર્ષ જેવું જીવન જીવ છે. પરંતુ ખાવા માટેની બોઇલર પ્રકારની મરઘીઓને ફક્ત ૭ અઠવાડિયા જીવાડવામાં આવે છે. આ દરમિયાન બારી - બારણાં વગરનાં શેડમાં હજારો મરઘીઓ રખાય છે. પોતાની પાંખો પણ આવી મરઘીઓ ફફડાવી શકતી નથી. બહુ ભીડ હોવાથી ઘણી મરઘીઓ ગુંગળાઇને મરી જાય છે. આ કારણે એમોનીયાનું પ્રમાણ વધી જવાથી ઘણી મરઘીઓ આંધળી થઇ જાય છે. મરઘીઓનો ઝડપી વિકાસ થાય તે માટે બે અઠવાડિયા ૨૪ કલાક પ્રકાશમાં રખાય છે. ત્યારબાદ પ્રત્યેક બે કલાકે અંધારૂ કરાય છે. ઊંઘી જાય તો તેની વૃદ્ધિ ધીમી પડે તેથી મરઘીઓ ઊંઘી ન શકે તેવી પરિસ્થિતિઓ પેદા કરાય છે. વધુમાં વધુ ઝડપથી તેનું વજન વધે તે માટે માંસાહારી ખોરાકો પણ અપાય છે. આ રીતે પ્રતિ વર્ષ અબજોની સંખ્યામાં ફક્ત મરઘીઓ ઉછેરાય છે, કપાય અને ખવાય છે.

આવા ઘણાં ઉદાહરણો છે. ઘણી જીવ જાતિઓ છે જેના માટે માનવ આપત્તિજનક છે. માનવો દ્વારા પૃથ્વી પરનાં અસંખ્ય જીવોનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે ત્યારે શું આપણે અન્ય જીવો પ્રત્યેની આપણી જવાબદારી પ્રત્યે કદી સભાન પણે વર્તવા નહીં શીખીએ?